ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં ભાવપૂર્વક લક્ષ્મીપૂજન યોજાશે

## આ દિવસે યમદેવની પણ પૂજા કરવામાં આવે છે : દીપની જયોતિ દક્ષિણ બાજુ રહે તેમ પ્રગટાવવાથી તથા દીપદાન કરવાથી ઘરમાં અકાળ મૃત્યુ થતું નથી

ગાંધીનગર, તા.૧૨

દિવાળીનો તહેવાર શરૂ થનાર તથા મુખ્ય ગણાતી તિથી એટલે ધનતેરસ. ભગવાન વિષ્ણુ દ્વારા સૃષ્ટિને આ દિવસની ઉજવણી કરાવવામાં આવી હતી. લક્ષ્મીજીના દર્શન અને ભગવાન ધન્વન્તરીના જન્મદિવસના મહત્વને લઈને ધનતેરસ ઉજવવામાં આવે છે.

કારતક કૃષ્ણ પક્ષની તેરસના દિવસે ભગવાન ધનવંતરીનો જન્મ હાથમાં પિત્તળનો કળશ લઈને થયો હતો તેથી દિવસ ધનતેરસ તરીકે ઓળખાય છે. ધનવંતરી એટલે ચિકિત્સક અને આયુર્વેદના દેવતા. આ દિવસે કુબેરજીની ખાસ પૂજા કરવામાં આવે છે. આ દિવસે યમદેવની પણ પૂજા કરવામાં આવે છે. દીપની જયોતિ દક્ષિણ બાજુ રહે તેમ પ્રગટાવવાથી તથા દીપદાન કરવાથી ઘરમાં અકાળ મૃત્યુ થતું નથી.

ઘરમાં રહેલી સાવરણી લક્ષ્મીજીનું પ્રતિક છે જયારે રથયાત્રા વખતે એક વિધિ સાવરણી દ્વારા કરવામાં આવે છે.

આયુ એટલે ઉંમર વેદ એટલે ઋતમ્-ત્રિકાલાબાધિત સત્યનું જ્ઞાન પોતાનું અને ઘરના સર્વેનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ધનવંતરીનું પૂજન કરવું શુભ મનાય છે.

ધનતેરસના દિવસે વાસણ ખરીદવાનું મહત્વ છે. ભગવાન ધનવંતરી પિત્તળના કળશ સાથે આવ્યા તેથી આ દિવસે પિત્તળના વાસણ ખરીદવામાં આવે છે જેની પાસે સંપત્તિ હોય તે ચાંદીના વાસણ પણ લઈ શકે છે તેનાથી ઘરમાં બરકત રહે છે. જયોતિષી નીલા ઠકકર જણાવે છે કે આ દિવસે આખા ધાણા ખરીદવા શુભ છે. દિવાળીના દિવસે આ ધાણા કુંડામાં વાવવાથી ઘરમાં બરકત રહે છે. આ દિવસે લક્ષ્મીજી અને ગણપતિજીનું સાથે પૂજન કરવું. માતા લક્ષ્મીજીની કથા સાંભળવી.

**આજના શુભ મુર્હુત**
**સવારે ૬.૪૧ થી ૧૦.૪૯**
**૧૨.૧થી ૧.૩૪**
**૪.૧૯ થી ૫.૪૨**
**ચૌદશ સાંજે ૫.૫૮ પછી શરૂ થશે**
**જે બપોરે ૨.૧૦ સુધી રહેશે.**

ધનતેરસને લઈને એક વાત એમ પણ છે કે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મી ધરતી પર વિચરણ કરવા નીકળ્યા ભગવાને માતાજીને કહ્યું કે દક્ષિણ દિશા તરફ જઈને આવુ તમે કયાંય જતા નહિ અને દક્ષિણ દિશા તરફ જોતા નહિ. માતાજી થોડીવાર ઉભા રહ્યા પછી દક્ષિણ દિશામાં ચાલવા લાગ્યા ત્યાં સરસોનું ખેતર



આવ્યું, ત્યાંથી ફુલ તોડી માતાએ વાળમાં લગાવ્યા અને આગળ આવ્યા. આગળ શેરડીનું ખેતર આવ્યું. માતાજીએ શેરડી તોડીને ખાધી પછી આગળ જયાં પગ માંડયા ત્યાં વિષ્ણુ ભગવાન પાછા આવ્યા અને તેમને ઠપકો આપ્યો કે તમને ના કહ્યું હોવા છતાં તમે કેમ આગળ વધ્યા? તમે કિસાનની શેરડી તોડીને તેને પૂછયા વગર ખાધી તો અહીં બાર વર્ષ રહો. આમ કહી ભગવાન વિષ્ણુ વૈકુંઠમાં ચાલ્યા ગયા. લક્ષ્મીજીએ કિસાનની ધર્મપત્નીને લક્ષ્મીજીની મૂર્તિ બનાવીને આપી અને તેની પૂજા કરવાનું કહ્યું પછી તે કિસાનના ઘરમાં બરકત થવા લાગી. ધીરે ધીરે બાર વર્ષ પૂર્ણ થયા અને ભગવાન લક્ષ્મીજીને પાછા લેવા માટે આવ્યા, ભગવાન અને લક્ષ્મીજીએ કિસાનને ચાર કોડી આપી ગંગાજીમાં સ્નાન કરી પધરાવવા જણાવ્યું. આ વાત બાદ કિસાન સ્નાન કરી ગંગાજીને પ્રણામ કર્યા અને કોડી પધરાવવા જતા હતા ત્યાં ચાર હાથ પ્રગટ થયા અને કોડી લઈ લીધી. કિસાનને પૂછયું તો તેમણે જણાવ્યું હું ગંગા છું. તેમણે કહ્યું કે તમને જેમણે કોડી આપી તે સાક્ષાત ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજી છે તેમને જવા ન દેતાં. નહીતર તમે નિર્ધન થઈ જશો. કિસાને પાછા જઈ લક્ષ્મીજીને પોતાને ત્યાં જ રોકાવવાનો આગ્રહ કર્યો ત્યારે લક્ષ્મીજીએ તેમને દીપક પ્રગટાવી ચાંદીના સિક્કાની પૂજા કરવાનું કહ્યું અને દર વર્ષે આ રીતે પૂજા કરવા જણાવ્યું. જેથી લક્ષ્મીજી હર વર્ષ વાસ કરશે. આમ આ વાર્તા પાછળ ધનતેરસની પૂજાનો મર્મ રહેલો છે. અનો આ રીતે જ ભારતભરમાં ધનતેરસના દિવસે ભગવાન શ્રી વિષ્ણુ અને લક્ષ્મીજીની પૂજા થાય છે.



દિવાળીના પર્વે બજારોમાં ઘરાકી નીકળી છે. તૈયાર વસ્ત્રો, બૂટ-ચંપલ, નમકીન-મિઠાઈ, દીવાઓ લાઈટીંગની ખરીદી ખૂબ થઈ રહી છે. શહેરના મોટા ભાગના બજારોમાં ભીડ જોવા મળી રહી છે. જેના કારણે બજારોની બહાર ગાડીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ટ્રાફિકમાં અડચણરૂપ હોય તેવી ગાડીઓને હટાવી લેવા અને વ્યવસ્થિત પાર્કિંગ કરવા ટ્રાફિક પોલીસ દ્વારા સતત સૂચનાઓ મળી રહી છે.

# ન્યુ ગાંધીનગરમાંથી સગીર ગુમ થતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ન્યુ ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાંથી અચાકન સગીર યુવક ગુમ થઈ જતા પરિવાર અને પોલીસ બંને દોડતી થઈ ગઈ છે. સગીરને પકડી પાડવા માટે તંત્ર અને સભ્યો રાત દિવસ મથામણ કરી રહ્યા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરકારી કચેરીમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા મુળ મહેસાણાના ૪૨ વર્ષિય ફરીયાદી પોતાના પરિવાર સાથે રહે છે. પરિવારમાં તેમની પત્ની, અને બે બાળકો છે. બુધવારના રોજ બપોરે ફરીયાદી મહેસાણા ખાતે ગયા હતા. સાંજના પાંચ વાગ્યાના સુમારે તે પરત ઘરે આવ્યા હતા. આ સમયે તેમની પત્ની પણ નાના દિકરાને લઈને બહારથી આવ્યા હતા. ફરીયાદીના પત્નીએ જણાવ્યું કે બપોરના સમયે મોટા પુત્રએ ઈન્ફોસીટી ખાતે ગેઈમ રમવા માટે જવા માટે કહ્યું હતું. જેથી માતાએ તા.૧૯ ના રોજ થી પરીક્ષા હોવાથી ઠપકો આપ્યો હતો. બપોરના દોઢ વાગ્યાના સુમારે માતા નાના પુત્રને લઈને બ્યુટી પાર્લરના કલાસીસમાં ગયા હતા. પતિ-પત્નિ સાંજે પાંચ વાગ્યાના સુમારે ઘરે પહોંચતા ૧૬ વર્ષિય પુત્ર ઘરે ન હતો. ઘરમાં ડાઈનીગ ટેબલ પર મળી આવેલી અંગ્રેજીની ચીઠી મળી આવી હતી. જેમાં અભ્યાસ થી કંટાળ્યો હોવાની અને બે વર્ષે પાછા આવવાની વાત કરી હતી. ફરીયાદીએ ઘરમાં તપાસ કરી તો તેઓનું જી.જે.૧૮.એ.ડી.૧૩૪૪ નંબરનું એકટીવા એ ૧૫ હજાર રોકડા ગાયબ હતા. બુધવારના રોજ આખો દિવસ અને રાત્રીના સમયે વિવિધ વિસ્તારમાં શોધખોળ કરવા છતા તેમજ સ્નેહીજનોના ઘરે તપાસ કરવા છતા પુત્ર મળ્યો ન હતો. જેને અનુલક્ષી ગુરુવારના રોજ બપોરના સુમારે પિતાએ ફરીયાદ નોંધાવી છે. જેમાં પિતાએ પુત્ર કયાંક જતો રહ્યો હોવાનું તેમજ કોઈ લઈ ગયેલ હોવાની શંકા વ્યકત કરી છે, સગીર પાતળા બાંધાનો, રંગે ઘઉવર્ણો છે. જેને શરીરે મરૂન કલરની ટી શર્ટ, બ્લેક કોટી અને બ્લેક પેન્ટ પહેરેલ છે. તેમજ તેની ડાબી આંખ અડધી જ ખુલે છે.

## આજે વી-કેર ફાઉન્ડેશન દ્વારા જરૂરીયાતમંદ શ્રમિકોને મિઠાઈ વિતરણ કરાશે

વી-કેર ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે અને સંસ્થાના અગ્રણી સભ્ય બીપીનભાઈ પટેલ (એડવોકેટ)ના માતૃશ્રી મણીબેનના સ્મરણાર્થે દિવાળી પર શહેરમાં વિવિધ વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિકોને મીઠાઈનુ વિતરણ કરવામાં આવનાર છે. આ સેવા કાર્ય માટે આવતીકાલે તા. ૧૩મી નવેમ્બર શુક્રવારે ધનતેરસના દિવસે સવારે ૬.૪૫ કલાકે સેક્ટર -૧ તળાવ ખાતે વી-કેર પરિવારના સભ્યો એકત્રિત થઈને ત્યાંથી રુટ બનાવી વિતરણ કાર્ય હાથ ધરશે.



દિવાળી એટલે આનંદ ઉલ્લાસ માણવાનો અને આનંદ ઉલ્લાસ વહેંચવાનો તહેવાર. આ તહેવાર નિમિત્તે શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની ઝુંપડપટ્ટીઓમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમિકોને નવાં જૂના વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ, ઉપપ્રમુખ કે.પી. સોલંકી, મંત્રી સી.કે. સોની તથા જયેન્દ્રભાઈ ઠકકર વગેરે જોડાયા હતા.

# સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ-૨૦૨૦માં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની પ્રવૃત્તિઓનું પ્રદર્શન

## કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની કચ્છના ઘોરડો ખાતેની મુલાકાત દરમ્યાન શૈક્ષણિક મોડલનું પ્રદર્શન કરાયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકા સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા આજે કચ્છના ઘોરડો ખાતે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત સમયે યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન યુનિવર્સિટીની પહેલ અને પ્રવૃત્તિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ઘોરડો ખાતે ''સીમાંત ક્ષેત્ર વિકાસ-૨૦૨૦'' કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય રક્ષા યનિવર્સિટી દ્વારા ''ટ્રી'' શૈક્ષણિક મોડેલ અંતર્ગત ટ્રેનિંગ એટલે કે તાલીમ, રીસર્ચ એટલે કે સંશોધન, એજ્યુકેશન એટલે કે શિક્ષણ અને એકસ્ટેન્શન એટલે કે વિસ્તરણ દ્વારા અનેક પ્રયાસો થકી દેશમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા પુરી પાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. યુનિવર્સિટીની દસ શાળાઓ દ્વારા ભારત દેશની સુરક્ષા અને પોલિસીંગ ઈકોસીસ્ટમને મજબૂત બનાવવા યોગદાન આપવાના પ્રયાસો દેશભરમાં કરવામાં આવી રહ્યાં છે. યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જ ઉત્કૃષ્ઠ ડિજિટલ પ્લેટફોર્મ ''ટાઈમ'' મતલબ કે ''આરઆરયુઝ ઈન્ટ્રગ્રેટેડ સ્પેસ ફોર ઈ-એજ્યુકેશન'' લોન્ચ કરવામાં આવ્યું છે. ''રાઈઝ'' સુરક્ષા દળોમાં જોડાવાની ઈચ્છા ધરાવતા યુવા વર્ગ તથા દેશના વિવિધ ભાગોમાં ફરજ બજાવતા પ્રતિબદ્ધ એપીએફ અને પોલીસ કર્મચારીઓને ઓનલાઈન શિક્ષણના માધ્યમથી ગુણવત્તાયુક્ત શૈક્ષણિક કાર્યક્રમો પ્રદાન કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રે ભારતની અગ્રણી જાહેર યુનિવર્સિટી છે અને આ યુનિવર્સિટી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ''આત્મનિર્ભર ભારત''ના સ્વપ્રને પરિપૂર્ણ કરવા માટે સુરક્ષાના ક્ષેત્રે ''મેક ઈન ઈન્ડિયા'' ઈનોવેશન માટે ઉદ્યમી યુવાશક્તિને સશક્ત મંચ પુરૂ પાડી રહી છે જેમાં સ્વદેશી રીતે વિકસાવાયેલા ડ્રોન, દેશના નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે ડિજિટલ આરોગ્ય સાધનો જેવા પ્રોજેક્ટ વિકસિત કરાઈ રહ્યાં છે.

# ગાંધીનગરની ૧૦૮ ટીમ દિવાળીના પર્વમાં એલર્ટ મોડ પર રહેશે



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં દિવાળીના તહેવારને અનુલક્ષીને ઉત્સાહ ભેર તૈયારી થઈ રહી છે ત્યારે આ પર્વ દરમ્યાન સમગ્ર જિલ્લામા ઈમરજન્સીના બનાવ સામે અવિરત સેવા આપનારી ૧૦૮ ઈમરજન્સી સેવામા કોઈ પણ જાતની અસુવિધા ઊભી ના થાય તે માટે ૧૦૮ ઈમરજન્સીના ૧૩ જેટલા વિવિધ સ્થળો પર ૭૦ જેટલા સ્ટાફ સાથે ૨૪ કલાક એમ્બ્યુલન્સ એલર્ટ કરવામા આવી છે.

ગાંધીનગર જિલ્લા ખાતે કુલ ૧૩ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે, કોરોના મહામારી હોય કે કોઈ પણ જાતની ઈમરજન્સી ૨૪ કલાક લોકોને સેવા પૂરી પાડવા માટે તૈયાર છે. દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજના દિવસે દાઝવાના બનાવો, અકસ્માતના બનાવો તથા અન્ય ઈમરજન્સીમા વધારો થતો હોય છે. આ કારણે ઈન્ફોસિટી, સેકટર-૧૭, સેક્ટર ૨૦, ચિલોડા, માણસા, રાંધેજા, મહુડી અડાલજ, કલોલ, ખાત્રજ સાથે બહિયલ, રખિયાલ અને દહેગામ જેટલા વિવિધ લોકેશન પર ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪ કલાક ખડે પગે રહેશે. તદઉપરાંત ૧૦૮ કર્મચારીઓને એડવાન્સમાં દિવાળીની શુભકામના પાઠવી મિઠાઈ સાથે પ્રોત્સાહન આપવામા આવ્યું હતું તેવું ગાંધીનગર જિલ્લા પ્રોગ્રામ મેનેજર સંદિપ ગઢવી તથા અક્ષય પંચાલે જણાવ્યું હતું.

## આ વર્ષે સે-૭-ડીનો સ્નેહમિલન કાર્યક્રમ મોકૂફ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી અને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડી દ્વારા દર વર્ષે નૂતન વર્ષના દિવસે સવારે સ્નેહમિલન યોજાય છે પરંતુ કોરોનાની મહામારીને કારણે આ સમારોહ બંધ રાખવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા તમામ સભ્યો હોદ્દેદારો અને નિવાસીઓને નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી સર્વેના સ્વસ્થ નિરામય સુખી જીવનની શુભકામનાઓ વ્યકત કરી છે તથા કોરોનાથી થયેલ નિધન બદલ કુટુંબીજનો પ્રત્યે સંવેદના વ્યકત કરી સર્વે શહેરીજનોને કોરોના સંક્રમણથી સર્જાયેલ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા સનિષ્ઠાની સરકાર દ્વારા આપવામાં આવતી સુચનાઓનો અમલ કરી સહયોગી થવા અપીલ કરવામાં આવી છે.

## બાળદિને સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકો દ્વારા બનાવેલ માસ્કનું વિતરણ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

બાળકો માટે કાર્ય કરતી સંસ્થા સંસ્કાર ગ્રુપ દ્વારા કોરોનાની સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન મુજબ વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે જે સંદર્ભે તા. ૧૪ નવેમ્બર બાળ દિનના રોજ ગ્રુપના બાળકો અને વાલીઓ દ્વારા બનાવેલ માસ્કનું શહેરના જરૂરીયામંદ બાળકોને વિતરણ કરવામાં આવશે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ચીનુભાઈ રમણલાલ જાની, ઉ.વ. ૮૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બિહોલા લાલાજી રવાજી, ઉ.વ. ૭૫, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. કોઠારી પંકજકુમાર ઠાકોરલાલ, ઉ.વ. ૬૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. લતાબેન જમનાદાસ રાજપુત, ઉ.વ. ૭૯, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. શાહ બાલચંદ પરસોત્તમભાઈ, ઉ.વ. ૮૭, પીંપલજ, તા. દહેગામ
- સ્વ. પુરીબેન બબાભાઈ મેસરીયા, ઉ.વ. ૮૧, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. ડાભી ઉર્મિલાબેન ખોજાભાઈ, ઉ.વ. ૭૩, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. પટેલ ભીખાભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૭, ખોરજ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાન્તાબેન પુંજાજી, ઉ.વ. ૬૦, પલીયડ, તા. કલોલ
- સ્વ. હસુમતીબેન હીરાભાઈ પટેલ, ઉ.વ. ૭૨, સેકટર-૩૦, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. જગદીપસિંહ બિરસીંગ નેગી, ઉ.વ. ૨૯, કોબા, તા. ગાંધીનગર

# સમસ્ત ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ સમાજ દ્વારા લગ્નોત્સુક પરિચય મેળો યોજાશે

## ૧૦મી જાન્યુઆરી ૨૦૨૧ રવિવારે રાજકોટમાં આયોજન : કન્યાઓ માટે નિ:શુલ્ક વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૨

ઔદિચ્ય ગઢિયા બ્રહ્મ સમાજ ફેડરેશન દ્વારા તા. ૧૦-૦૧-૨૦૨૧ના રવિવારના રોજ ઔદિચ્ય ગઢિયા બ્રહ્મ સમાજના યુવક યુવતીઓનો જીવનસાથી પરિચય સંમેલનનું ભવ્ય આયોજન બી.જી. ગરૈયા કોલેજ કેમ્પસ કાળીપાટ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહેનાર તમામે સરકાર દ્વારા જાહેર કરાયેલા કોવિડ-૧૯ના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

સંસ્થાના પ્રમુખ હિતેષભાઈ પંડયા દ્વારા જણાવાયું છે કે, આ યુવક-યુવતી જીવનસાથી પરિચય સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક યુવક યુવતીઓએ ફોર્મ જે તે જિલ્લાના ઘટક પ્રમુખ દ્વારા રજૂ કરવાનું રહેશે. ઘટક પ્રમુખે ભરલા ફોર્મ નિયત કરેલ ફીની રકમ સાથે ૨૫-૧૧-૨૦૨૦ સુધીમાં ફેડરેશન મહામંત્રીને જૂનાગઢ ખાતે મોકલવાના રહેશે.

જીવનસાથી પસંદગી સંમેલન માટે ફોર્મ ફી/સહીતની માહિતી માટે ફેડરેશનના પ્રમુખ કિશોરભાઈ મહેતા મો. ૯૪૨૭૫૯૭૯૫૧ અથવા ફેડરેશનના લાભશંકરભાઈ મહેતા મો.નં. ૯૪૨૭૯૨૨૨૧૧નો સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત વિવિધ શહેર-ઘટક પ્રમુખોનો પણ સંપર્ક સાધવો જેમાં શૈલેષભાઈ મનુજી જોષી મો. ૯૮૨૪૦૩૧૭૧૩ (અમદાવાદ)નો સંપર્ક શહેરીજનો કરી શકશે.

આ જીવનસાથી પસંદગી સંમેલનમાં સહભાગી થનાર કન્યાને રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે નહીં. ઉપરાંત રાજકોટ સિવાયની ભાગ લેનાર તમામ કન્યાઓને આવવા જવાનું એસટી ભાડું ફેડરેશન દ્વારા આપવામાં આવશે.

આ જીવનસાથી પસંદગી સંમેલનને સફળ બનાવવા ફેડરેશન પ્રમુખ કિશોરભાઈ મહેતા, ગાંધીનગર ઘટકના પ્રમુખ અને રાજયના મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક અધિકારી હિતેષભાઈ પંડયા, ફેડરેશન મહામંત્રી લાભશંકરભાઈ મહેતા તથા ફેડરેશનની સમગ્ર ટીમ તથા રાજકોટ ઘટકના પ્રમુખ દિનેશભાઈ પંડયા તથા સમસ્ત એજીબીએસના હોદેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

# સલામતી શાખાના જવાનના ઘરમાંથી ૧.૧૫ લાખ મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૨

દિવાળીના દિવસોમાં શહેરમાં ચોર ઈસમો હાહાકાર મચાવી રહ્યા છે. શહેરમાં બંધ મકાનને નિશાચરો નિશાન બનાવી ચોરી કરી પલાયન થઈ જાય છે. સેકટર-૨૩ ખાતે પોલીસ જવાનના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને ઘરમાં પ્રવેશેલા તસ્કરો કુલ રૂ.૧.૧૫ લાખની મત્તા લઈ ફરાર થઈ ગયા છે. સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૩ બ્લોક નં.૧૦૯-૩ ખાતે રહેતા મયુરકુમાર મુકંદરાય રાવલ નવા સચિવાલય બ્લોક નં.૮ ખાતે સલામતી શાખામાં પીએસઓ તરીકે ફરજ બજાવે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. ગત તા.૪ નવેમ્બરના રોજ તેઓ ઘરને તાળુ મારી પરિવાર સાથે માણસાના શોભાસણ ખાતે ઘરે ગયા હતા. પોલીસ જવાના ઘરે દિવસમાં એકવાર પૂજા-અર્ચના માટે આવતા હતા. ત્યારબાદ તેઓ ૮ નવેમ્બરના રોજ આવ્યા હતા, અને ચાર દિવસ બાદ તેમના પત્ની ઘરે આવ્યા હતા. તે સમયે દરવાજાને મારેલુ તાળુ અને આગળ મુકેલો ખાટલો જણાયો ન હતો. જેને પગલે તેણીએ પતિને ફોન કરતા તેઓ પણ દોડી આવ્યા હતા. પરિવારે અંદર જોઈને જોયુ તો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. ઘરમાં અંદર જઈને તપાસ કરતા સોનાના ૭ પેન્ડલ, બે જોડ બુટ્ટી, વીંટી ચાંદીની, નાની ઝાંઝર, લકી, મંગળસુત્ર, સિક્કો રૂદ્રાક્ષના મણકાવાળી ચાંદીની માળા સહિત રોકડા રૂ.૬૦ હજાર રોકડા, એક મોબાઈલ સહિત કુલ રૂ.૧.૧૫ લાખની મત્તા ગુમ હતી. જેને પગલે પોલીસ જવાનની પત્ની કવિતાબેન રાવલ દ્વારા ફરીયાદ નોંધાવતા પોલીસે ફિંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.ઉલ્લેખનીય છે કે દિવાળીના દિવસોમાં તસ્કરો તરખાટ મચાવી રહ્યા છે. ત્યારે શહેરના નાગરીકો પણ ડર અનુભવી રહ્યા છે.